# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૯/ક્વા-૨/૨૧-૨૨/૫૯૦૦-૪ તા.૦૭.૧૦.૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૨૯/ક્વા-૨/૨૧-૨૨**

અરજદાર :ભરતભાઈપી. લાડોલા ગામ: રાજકોટ

પેટા વિભાગીય કચેરી : શાપર વેરાવળ

રજૂઆત કરનાર :અરજદાર ભરતભાઈપી.લાડોલાહાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય

રજૂઆત કરનાર : શ્રી આર.પી.અઘેરા, નાયબ ઈજનેર(ટેક)પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી– રાજકોટગ્રામ્યહાજર રહેલ છે.

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૨૯-૦૯-૨૧ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૯-૦૯-૨૧(બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારરજૂઆતમાંજણાવેછેકેતેઓશાપર (વેરાવળ) પેટાવિભાગીય કચેરી ખાતેગ્રાહક નં. ૮૧૯૦૭/૦૬૪૦૧/૦થીઇન્ડસ્ટ્રીયલ વીજજોડાણધરાવેછે. સદરવીજજોડાણમાંનામ બદલી કરવામાટેઅરજીકરેલજેમાં રજીસ્ટર્ડ દસ્તાવેજસામેલહોવા છતાં બિનજરૂરી આધાર-પુરાવા પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા માંગવામાં આવતા હોય સદર બાબતે યોગ્ય ન્યાય આપવા અરજદારે અત્રેનાફોરમસમક્ષરજૂઆતકરેલછે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારના શાપર-વેરાવળ પેટા વિભાગીય કચેરી હેઠળના ઔદ્યોગિક વીજજોડાણ ગ્રાહકનં.૮૧૯૦૭-૦૬૪૦૧-૦ માં નામ ટ્રાન્સફરની (કાંતિભાઈ મોહનભાઇ કણસાગરાના નામ પરથી ભરતભાઇ પરસોતમભાઈ લાડોલાના નામે)અરજીતા.૦૫.૦૪.૨૦૨૧ ની સાથે રજિસ્ટર્ડ દસ્તાવેજ સામેલ કરેલ હોવા છતાં બિનજરૂરી ડૉક્યુમેન્ટ માંગવામાં આવે છે તે બાબતની ફરિયાદ અરજી તા.૧૮.૦૮.૨૦૨૧ અંગેનો અહેવાલ નીચે મુજબ છે.

૩.૧ અરજદારે તેઓની અરજી સાથે વેચાણ દસ્તાવેજ નં.-૨૯૦૪ રજૂ કરેલ છે, જે દસ્તાવેજ ગામ વેરાવળના રેવન્યુ સર્વે નં.-૬૩૪ના પ્લોટ નં.-૧ પર બાંધવામાં આવેલ શેડના પશ્ચિમ દિશાના રસ્તાની દક્ષિણ દિશા તરફની જમીન ચોરસ મીટર આશરે ૧૨૦-૦૦ પર આવેલ શેડનો છે,પરંતુ મૂળ જોડાણ શ્રી કાંતિભાઈ મોહનભાઇ કણસાગરાને તેઓની અરજી સાથે રજુ કરેલ વેચાણ દસ્તાવેજ નંબર ૩૩૯૧ મુજબ પ્લોટ નં.-૧ પર આપવામાં આવેલ છે.

૩.૨ અરજદારની અરજી અંગે અગાઉ પી.જી.વી.સી.એલ. દ્વારા અપાયેલ વીજજોડાણની કેઈસ ફાઈલ તપાસતા મૂળ ગ્રાહક શ્રી કાંતિભાઈ મોહનભાઇ કણસાગરાનું નામ છે અને તેમાં પ્લોટ નં.-૧ નો લે-આઉટ સામેલ કરેલ છે પરંતુ અરજદારની અરજી મુજબ – સદર પ્લોટમાં ૦૨ શેડ મંજૂર થયેલ છેતેમજ મૂળ માલિક કાંતિભાઈએ અરજદારની તરફેણે નામ ટ્રાન્સફરની **NOC** આપેલ છે, આથી કાંતિભાઈ મોહનભાઇને આપવામાં આવેલ વીજજોડાણ ગ્રાહક નં.-૮૧૯૦૭-૦૬૪૦૧-૦ ની પ્લોટ નં.-૧ થી પ્લોટ નં.-૧ ના શેડ નં.-૧ (પશ્ચિમના રસ્તાની દક્ષિણ તરફનો) માં બાઉન્ડ્રી રીડકશન કરાવ્યા બાદ જ નામ ટ્રાન્સફર મંજૂર કરી શકાય.

૩.3 ઉપરોક્ત મુદ્દા નં ૩.૨ મુજબ ની વિગતે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા પત્ર નં.-**DE/SVSD/Rev/2838, Dt.-25/05/2021** થી અરજદારને બાઉન્ડ્રી રીડકશન લે-આઉટ પ્લાન દર્શાવતો આધાર-પુરાવો રજુ કરવા જાણ કરવામાં આવેલ છે. પરંતુ અરજદારે સદર આધાર-પુરાવાની પૂર્તતા કરવાને બદલે તા.-૧૦.૦૬.૨૦૨૧ના રોજ તેઓએ રજૂ કરેલ રજિસ્ટર્ડ દસ્તાવેજ મુજબ **EODB**ના પરિપત્ર અન્વયે નામ ટ્રાન્સફર કરી આપવા જણાવેલ છે,આમ, અરજદારની સદર અરજી ગ્રાહ્ય ન રાખતા અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૩.૪ આમ, અરજદારની નામ ટ્રાન્સફરની અરજી મંજૂર કરતાં પહેલા હયાત વીજજોડાણની બાઉન્ડ્રી રીડકશનની મંજૂરી જરૂરી હોય, અરજદાર પાસેથી માંગવામાં આવેલ ડૉક્યુમેન્ટ/અરજી અરજદારે રજૂ કરેલ નથી જે રજૂ થયે નામ ટ્રાન્સફરની મંજૂરીની કાર્યવાહી કરવામાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારેકરેલલેખિત તેમજ મૌખિકરજૂઆતતથાસામાવાળાની લેખિત તેમજ મૌખિકરજૂઆતઅનેરજૂકરાયેલાદસ્તાવેજી પુરાવાઓના આધારેફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ભરતભાઈપી.લાડોલા દ્વારા શાપર-વેરાવળ પેટા વિભાગીય કચેરી હેઠળના ઔદ્યોગિક વીજજોડાણ ગ્રાહકનં.૮૧૯૦૭-૦૬૪૦૧-૦, જેમાં કાંતિભાઈ મોહનભાઇ કણસાગરાના નામ માંથી પોતાના નામે નામ બદલી કરવા અરજી કરેલ પરંતુ બીન જરૂરી આધાર-પુરાવાની પૂર્તતા કરવા પી.જી.વી.સી.એલ. દ્વારા તા.૨૪-૦૬-૨૧ થી જાણ કરેલ છે જે જરૂરી ન હોય વીજજોડાણમાં નામ બદલીની અરજી અન્વયે સત્વરે કાર્યવાહી થવા અંગે ફોરમ સમક્ષ અરજદારે રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદારની ફરિયાદના અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા રજુ કરેલ આધાર-પુરાવા મુજબ અરજદાર હાલ ગ્રાહકનં.૮૧૯૦૭-૦૬૪૦૧-૦ થી કાંતિભાઈ મોહનભાઇ કણસાગરાના નામે વીજજોડાણ ધરાવે છે. જેની કેઈસ ફાઈલ તપાસતા જોડેલ રજિસ્ટર્ડ દસ્તાવેજ નં – કેઓએસ-૩૩૯૧/૨/૧૫ -૨૦૧૮ મુજબ કાંતિભાઈ

મોહનભાઇ કણસાગરા દ્વારા રાજકોટ જીલ્લાના કોટડાસાંગાણી તાલુકાના વેરાવળ ગામના રે. સર્વે નં. ૬૩૪ (જુના સર્વે નંબર -૨૪૦ પેઈકી ૨) ની ખેતીવાડી જમીન ઓદ્યોગિક હેતુ માટે બિનખેતી ની મંજુરી તા.૦૪-૦૭-૨૦૧૮ થી મળેલ છે જેમાં કુલ ૦૧ થી ૧૮ પ્લોટ પાળેલ છે. તેમાંથી ઉર્જા-૪-એ તરીકે ઓળખાતા જમીનના પ્લોટસ પેઈકી પ્લોટ નં-૧ ની જમીન ચો.મી.આ. ૨૪૦-૦૦ ખરીદ કરેલ છે.

જયારે ફરિયાદી અરજદાર દ્વારા રજુ કરેલ વેચાણ દસ્તાવેજ નં. કેઓએસ-૨૯૦૪/૩/૧૭ – ૨૦૨૦ મુજબ ખરીદનાર તરીકે ચંદુભાઈ પરસોત્તમભાઈ લાડોલા (૩૪%) અને શ્રી ભરતભાઈ પરસોત્તમભાઈ લાડોલા (૩૩%) તેમજ પંકજભાઈ પરસોત્તમભાઈ લાડોલા (૩૩%) દ્વારા શ્રી કાન્તીભાઈ મોહનભાઈ કણસાગરા પાસેથી ઓદ્યોગિક હેતુની મંજુરીવાળા ઉર્જા-૪-એ તરીકે ઓળખાતા જમીનના પ્લોટસ પેઈકી પ્લોટ નં. ૧ ની જમીન ચો.મી.આ. ૨૪૦-૦૦ માંથી પશ્ચિમ દિશાના રસ્તાની દક્ષિણ દિશા તરફની જમીન ચોરસ મીટર આશરે ૧૨૦-૦૦ પર આવેલ શેડ વેચાણ દસ્તાવેજ થી લીધેલ છે.

૪.૩ અરજદારની નામ બદલીની અરજી અન્વયે જોડેલ દસ્તાવેજીક પેપર્સ મુજબ પી.જી.વી.સી.એલ. દ્વારા અગાઉ જે વીજજોડાણ અપાયેલ હતું ત્યારે એકજ પ્લોટ હોય તેથી સદર કેઈસમાં બાઉન્ડ્રી રીડકશન થતી હોવાથી પી.જી.વી.સી.એલ. દ્વારા તા.૨૫-૦૫-૨૦૨૧ થી બાઉન્ડ્રી રીડકશન અંગેના આધાર-પુરાવા રજુ કરવા અરજદારને જાણકારી અપાયેલ છે પરંતુ અરજદાર દ્વારા કોઈ કાર્યવાહી કરાયેલ નથી. આમ, પી.જી.વી.સી.એલ. દ્વારા કરાયેલ સદર કાર્યવાહી ફોરમને નિયમાધીન લાગતા અરજદાર દ્વારા નામ ટ્રાન્સફરના ડોક્યુમેન્ટસ તથાજરૂરી સાઈટ સ્કેચ સાથે બાઉન્ડ્રી રીડકશનની અરજી રજુ કર્યા બાદપી.જી.વી.સી.એલ. દ્વારાબાઉન્ડ્રીરીડકશનતથા નામ ટ્રાન્સફર અંગેની કાર્યવાહી સયુંકત રીતે પ્રોસેસ કરી આપવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૫આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(એન.એચ.જોષી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯